

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓગસ્ટ ૩૧, ૨૦૨૨ • ભાદરવા સુદ ૪ સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
(I/C) Director
GSNRGF

## વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાત - ભુજમાં સ્મૃતિવન, અમદાવાદમાં અટલ સેતુ સહિતના પ્રકલ્પોનું લોકાર્પણ







વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાતના પ્રવાસે તા. ૨૭-૨૮ ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન આવ્યા હતા. તેમણે અમદાવાદ ખાતે રિવરફ્રન્ટ પર ખાદી ઉત્સવમાં હાજરી આપી હતી તેમજ અમદાવાદની શાનમાં નવું નજરાણુ ઉમેરતા અટલ ફૂટ બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત તેમણે ખાદી ગ્રામ ઉદ્યોગનું પણ લોકાર્પણ કર્યું છે. આ સાથે રિવરફ્રન્ટ ખાતે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે એક સાથે ૭૫૦૦ જેટલા લોકોએ ચરખો કાંત્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ રેંટિયો કાંત્યો હતો. વડાપ્રધાનશ્રીએ ગુજરાત પ્રવાસના બીજા દિવસે ૨૮ ઓગસ્ટે ભૂજમાં આગમન બાદ ત્રણ કિલોમીટરના રોડ શોમાં ભાગ લીધો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોએ વડાપ્રધાનશ્રીને વધાવ્યા હતા. રોડ શો બાદ વડાપ્રધાને ભૂજમાં કચ્છના ૨૦૦૧ના ભૂકંપના સ્મારક સ્મૃતિવનનું લોકાર્પણ કર્યું હતું તથા કચ્છ યુનિવર્સિટીના મેદાનમાં ૪૪૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લૉન્ચિંગ કર્યું હતું. એ પછી કચ્છ યુનિવર્સિટીના મેદાનમાં વડાપ્રધાન શ્રી મોદીએ નર્મદા નહેરની બ્રાન્ચ કેનાલ, ભૂજમાં સરહદ ડેરીના નવા ઑટોમેટીક મિલ્ક પ્રોસેસિંગ અને પેકિંગ પ્લાન્ટનું તથા ગાંધીધામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું.

(Source : www.gujaratsamachar.com, www.divyabhaskar.co.in)

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

## ગરબા યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ માટે નોમિનેટ



યુનેસ્કો ઈન્ટેન્જિબલ (અમૂર્ત) કલ્ચરલ હેરિટેજ લિસ્ટમાં ગુજરાતના પ્રસિદ્ધ પરંપરાગત નૃત્ય ગરબાને સામેલ કરવા ભારત સરકારે નામાંકન કર્યું છે. જોકે આ નામાંકનની આવતા વર્ષે નોંધ લેવાશે. એટલે કે આવતા વર્ષ સુધીમાં ગુજરાતના ગરબા યુનેસ્કોના અમૂર્ત વારસાની યાદીમાં સામેલ થઈ જશે. આ યાદીમાં કોઈ પણ સ્થળ કે સમાજની પરંપરા, અભિવ્યક્તિ કરવાની પદ્ધતિ, જ્ઞાન, રીતરિવાજ વગેરેને સામેલ કરાય છે. ગરબાની વાત કરીએ તો અમેરિકા સહિત વિશ્વના ૨૦ વિવિધ દેશોની યુનિવર્સિટીઓમાં નવરાત્રિ દરમિયાન ગરબાની સ્પર્ધા યોજાય છે. ગરબાના ૩૬થી વધુ પ્રકાર છે જેમાં રાસ, દાંડિયારાસ, ગોફ, મટકી ટિપ્પણી વગેરેનો સમાવેશ થાય છે. ગરબાના મૂળ સ્વરૂપની શરૂઆત પ્રાચીનકાળમાં ઉત્તર ગુજરાતથી થઈ હોવાનું મનાય છે. મૂળ ગરબા શબ્દ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ પરથી આવેલો છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨૯.૮.૨૦૨૨)

FOR PRIVATE CIRCULATION ONLY

## કોલફિલ્ડ ગુજરાતી સમાજ દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન



ઝારખંડ, ધનબાદના કોલફિલ્ડ ગુજરાતી સમાજની ૨૦૨૨-૨૪ની નવી કારોબારી સમિતિની રચના કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવનમાં પ્રમુખ યમેશ ત્રિવેદીના નેતૃત્વમાં કરવામાં આવી હતી જેમાં શૈલેન વોરાને ચેરમેન અને કમલ સંઘવીને વાઇસ ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધોરણ ૧૨ અને ૧૦ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ કનિષ્કા નિરંજન ચોટાલિયા, દિવ્યા શાહ, હર્ષિલ શેઠ, વિશ્વા શાહ, આર્ચી ઠક્કર, વનશીખા શાહ, નીલ સંઘવી, વિધિ ધાનાણી, નવ્યા રાઠોડ અને હિરલ સુખડિયાને સ્મૃતિચિહ્ન આપી સન્માનીત કરાયા હતા. (Source: www.jagran.com)

## વર્લ્ડ રોબોટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૨૨માં ભાવનગરની શાળા પ્રથમ



ટેકનોક્સિઅન વર્લ્ડ રોબોટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૨૨માં વૈશ્વિક સ્તરેથી શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાના મોડલ રજૂ કર્યા હતા જેમાં ભાવનગરના ટીમાણાની ગણેશ શાળાના વિદ્યાર્થીઓએ સ્માર્ટ બાઇક કૃતિનું પ્રદર્શન કરી સમગ્ર વિશ્વમાં પ્રથમ નંબર મેળવી અદ્વિતીય સફળતા મેળવીને માત્ર ભાવનગર જ નહીં પણ રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. આ કૃતિમાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ટ્રોફી તેમજ ૬૦૦૦૦ રૂપિયાનુ ઈનામ મળેલ છે. (Source : www.divyabhaskar.co.in)

## આઝાદીના અમૃત પર્વ પર ગુજરાતી સમાજના વડીલોનું અભિવાદન કરવામાં આવ્યું



મહારાષ્ટ્રના અમરાવતીમાં ભક્તિધામ મંદિર ખાતે સ્વાતંત્ર્ય પર્વના ૭૫ વર્ષ નિમિત્તે ૭૫ વર્ષથી ઉપરની વય ધરાવતા વડીલોનું શ્રી ગુજરાતી સમાજ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ પહેલા જન્મેલા ગુજરાતી સમાજબંધુઓનું વિધિવત સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ગુજરાતી સમાજના પ્રમુખ દિલીપભાઈ પોપટ અને ધ ગુજરાતી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ સુરેશભાઈ રાજા સહિત ગુજરાતી સમાજના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. (Source : https://mandalnews.com)

## ડૉ. તુષાર પટેલ તથા શ્રી રિતેશ શાહને પબ્લિક હેલ્થ હીરો એવૉર્ડ





અમેરિકામાં ૧૨ હજારથી વધારે દર્દીઓની સેવા કરનારા ડૉ. તુષાર પટેલ અને એક લાખ ડોલરથી પણ વધુ મૂલ્યની દવાઓ મફત આપનારા રિતેશ શાહ, બે ગુજરાતીઓને હેલ્થકેર હીરોઝનું સન્માન આપવામાં આવ્યું છે. ડૉ. તુષાર પટેલ અને ફાર્માસિસ્ટ રિતેશ શાહને આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપવા બદલ એનબિઝ પબ્લિક હેલ્થ હીરોઝ એવોર્ડ કેટેગરીમાં ૨૦૨૨નો ન્યુજર્સી હેલ્થકેર હીરોઝ એવોર્ડ આપવામાં આવ્યો છે. ડૉ. તુષાર પટેલ અને રિતેશ શાહ બંને છેલ્લા બે દાયકાથી કામ કરે છે. બંને અગ્રણીઓએ કોમ્યુનિટીની આરોગ્ય સંભાળ માટે અસંખ્ય કલાકો ફાળવી સેવાઓ આપી છે. (Source : www.akilanews.com)

## ઇન્ટરનેશનલ ચેસ ઓલિમ્પિયાડમાં ગુજરાતનું ગૌરવ



અમદાવાદની ૧૬ વર્ષની દીકરી ચેસ ઓલિમ્પિયાડમાં સમગ્ર વિશ્વમાં ટીમ સાથે ૧૭મા ક્રમાંકે આવી છે. દેશમાંથી ૧૫ મહિલા જ ચેસ રમી રહી હતી, જેમાંની વિશ્વા એક છે. વિશ્વા વાસણાવાળા ૧૨ સાયન્સમાં મણિનગરની બેસ્ટ હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે. તેના પિતા હિતેશભાઈ અને માતા ડોક્ટર છે. વિશ્વા ૭ વર્ષની હતી ત્યારથી ચેસ રમી રહી છે. શરૂઆતમાં સ્કૂલ લેવલ, ડિસ્ટ્રિક્ટ, સ્ટેટ, નેશનલ અને અંતે, ઇન્ટરનેશનલ લેવલ સુધી વિશ્વા ૨૦૦થી વધુ વખત ચેસની કોમ્પિટિશનમાં ભાગ લઈ ચૂકી છે. તાજેતરમાં જ તામિલનાડુમાં ચેસ ઓલિમ્પિયાડ યોજાઈ હતી જેમાં વિશ્વના અનેક દેશોની ૧૬૨ ટીમે ભાગ લીધો હતો. વિશ્વા ૧૧ દેશ સાથે રમી હતી અને ૧૬૨ દેશની ટીમમાંથી વિશ્વાની ટીમનો ૧૭મો નંબર આવ્યો હતો. (Source : www.divyabhaskar.co.in)

## સ્પર્શ શાહે ગિનિસ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું



મૂળ સુરતના, હાલ અમેરિકા રહેતા સ્પર્શ શાહને જન્મજાત હોસ્ટિયો જેનેસિસ ઈન પરફેક્ટા બિમારી છે. ૨૫ ફ્રેક્ચર સાથે જન્મ થયા બાદ અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ ફ્રેક્ચર થઈ ચૂક્યા છે. તેમને ૮ સળિયા, ૨૪ સ્ક્રૂ મૂકાયા છે. સ્પર્શે હાર માનવાની જગ્યાએ મોટીવેશનલ સ્પિચ આપવાની શરૂઆત કરી. હાલ તેમણે ૧૨૦ મિનીટ સુધી પગ ઊંચો રાખીને ગિનિસ બુકમાં સ્થાન મેળવ્યું છે. તેઓ ગુગલ, ટેડેક્સ, હાઉડી મોદી કાર્યક્રમ સહિત ૯ દેશમાં ૩૦૦થી વધારે કાર્યક્રમોમાં પરફોર્મ કરી ચૂક્યા છે અને ૯થી વધારે કોમ્પિટીશન જીતી છે. (Source : www.divyabhaskar.co.in)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાટી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# સ્મૃતિવન


## ૨૦૦૧ના ભૂકંપમાં જાન ગુમાવનારને શ્રદ્ધાંજલિ



ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૮ ઓગસ્ટે કચ્છના ભુજિયા સ્મૃતિવનનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હેઠળ ભુજિયા ડુંગરના સાનિધ્યમાં રૂ. ૪૦૦ કરોડના ખર્ચે ૪૭૦ એકરમાં ભૂકંપ સ્મૃતિવન આકાર પામ્યું છે, જે દેશનો પ્રથમ અર્થક્વેક મેમોરિયલ પાર્ક બની રહેશે. ૧૦ વર્ષની લાંબી જહેમત બાદ વિશ્વકક્ષાનું ભૂકંપ સ્મૃતિવન કચ્છીવાસીઓ માટે સંવેદના પૂરી પાડનારું બની રહેશે. વર્ષ ૨૦૦૧માં આવેલા મહાભૂકંપમાં જીવ ગુમાવનારા ૧૩,૮૦૫ દિવંગત આત્માઓની સ્મૃતિને કાયમ રાખવા સદગતોની નામાવલિ તાલુકા મુજબ અલગ-અલગ તકતીરૂપે કંડારી મૂકવામાં આવી છે. એની સાથે અહીં અભ્યાસુ લોકો માટે રીજનલ સાયન્સ સેન્ટર, અર્થક્વેક સિવ્યુલેટર સંકુલ, ૩૫ ચેકડેમ સહિતના પ્રકલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે સ્થાનિક સાથે પ્રવાસી વર્ગને આકર્ષણરૂપ બની રહેશે.

ભુજ શહેરના આરટીઓ સર્કલથી માધાપર સામેના ભુજિયા કિલ્લાના સાનિધ્યમાં સ્મૃતિવન બનાવવામાં આવ્યું છે. સ્મૃતિવનમાં ભૂકંપની અનુભૂતિ કરાવતું અર્થક્વેક સિવ્યુલેટર સંકુલ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં ભૂકંપ સમયે ઉદ્ભવતી પરિસ્થિતિનો ચિતાર દર્શાવવામાં આવશે અને એ સમયે કેવી રીતે ભૂકંપથી બચવા વર્તવું એની પ્રોજેક્ટર દ્વારા માહિતી પણ આપવામાં આવશે. પાંચ માળના આ સંકુલમાં કુલ ૭ અલગ-અલગ ગેલેરી છે, જેમાં પુનર્જન્મ, પુનઃપ્રાપ્તિ, પુનસ્ર્થાપના, પુનર્નિર્માણ, પુનર્વિચાર, પુનર્જીવન અને નવીનીકરણનો સમાવેશ થાય છે, જ્યારે ટોચ પર અર્થક્વેક ગેલેરી નિર્માણ પામી છે જેમાં અંધકાર ભરેલા હોલમાં ડિજિટલ થ્રિડી પ્રોજેક્ટર સ્ક્રીન ગોળાકારે ભૂકંપના અવાજ સાથેના દ્રષ્યો દર્શાવે છે. ભૂકંપની અનુભૂતિ માટે વચ્ચે રહેલા પ્લેટફોર્મ પર ઉભા રહ્યા બાદ અચાનક શરૂ થતો ભૂકંપ સામાન્ય જીવનને કેવી રીતે પળવારમાં બદલી શકે છે તેનો અનુભવ કરાવે છે, જે ગોઝારા ભૂકંપને વાસ્તવિક રીતે નિહાળનાર વ્યક્તિ માટે ચોક્કસથી અસહ્ય પળ બની રહે છે. અહીં મુલાકાતીઓ માટે ઓડિટોરિયમ, પુસ્તકાલય, કાફે અને લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાઈ છે.

વનની અંદરના ભાગે ત્રણ એન્ટ્રી પોઇન્ટ આવેલા છે, જ્યાં ત્રણ








એમિનિટીસમાં જિલ્લાના ૧૦ તાલુકા પ્રમાણે ૨૦૦૧ના ભૂકંપમાં જીવ ગુમાવનારા હતભાગીઓની યાદમાં તેમનાં નામ દર્શાવતી તકતીઓ મૂકવામાં આવી છે. સાથે-સાથે કાફે, ઓડિટોરિયમ અને ટોઇલેટ બ્લોક ઉપલબ્ધ છે, જેનો મુલાકાતીઓ ઉપયોગ કરી શકશે. જ્યારે ૨૩૫ લોકો બેસી શકે એ રીતે ઓડિટોરિયમ સંકુલમાં લોકો કોઈપણ પ્રકારના કાર્યક્રમો યોજી શકે એની પણ સુવિધા ઊભી કરવામાં આવી છે. સ્મૃતિવનની વિશેષતાઓ પરની વાત કરવામાં આવે તો અહીં ૩૫ ચેકડેમ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ત્રણ લાખ રોપાઓ અને વૃક્ષોને સ્પ્રિંક્યુલર પદ્ધતિ વડે પાણી પહોંચાડવામાં આવે છે. ચેક ડેમમાં વરસાદી પાણીનો સંગ્રહ પણ કરવામાં આવશે. અહીં ત્રણ લાખથી વધુ વૃક્ષો સહિત મિયાવાકી વન અને ૮.૨ કિ.મી.નો પાથ-વે તેમજ ૩ એમીનીટીઝ બ્લોક, ૧૫ કિ.મી.ની ફોર્ટ વોલ અને ઈન્ટરનલ રોડની સુવિધાઓ પણ બનાવવામાં આવી છે.

વનની અંદર વન મેગા વોટ સાથેનો સોલર પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે, જેના દ્વારા મળતી વીજળીનો ઉપયોગ વનની લાઈટિંગમાં કરવામાં આવશે. પાર્કમાં આવનાર સહેલાણીઓ માટે વિશાળ પાર્કિંગ સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. આ સ્મૃતિવન પ્રોજેક્ટ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હેઠળ આકાર પામ્યું છે. વનનું સંપૂર્ણ બિલ્ડિંગ માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત કરવામાં આવ્યું છે.

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ સવારે ૮:૪૬ વાગ્યાના અરસામાં દોઢ મિનિટ સુધી ચાલેલા ૬.૯ની તીવ્રતા ધરાવતા ગોઝારા ભૂકંપને એકવીસ વર્ષ પૂર્ણ થઈ ગયાં છે. બે દાયકા પૂર્વે આવેલી કુદરતી આફતે કચ્છને નામશેષ કરી નાખ્યું હતું અને અમીર-ગરીબ સૌ કોઈ એક કતારમાં આવી ગયા હતા. કેન્દ્રબિંદુ ધરાવતો વાગડનો ભચાઉ તાલુકો વગડો થઈ ગયો હતો. લોકો એટલા બધા શોકમાં આવી ગયા હતા કે રડી પણ નહોતા શકતા. એવા ધરતીકંપમાં ૧૩ હજાર ૮૦૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો. એ તમામ દિવંગત આત્માઓની સ્મૃતિને કાયમ રાખવા સ્મૃતિવન આકાર પામ્યું છે, જ્યાં ભૂકંપ અંગેની સચોટ માહિતી આપતા પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુલાકાતે આવતા લોકો માટે પ્રવાસની સાથે ભૂકંપલક્ષી ઝીણવટભરી જાણકારી અહીં મળી રહેશે.



(Sources & Photo Courtesy : www.divyabhaskar.co.in,https://images.bhaskarassets.com, https://images.hindustantimes.com, https://akm-img-a-in.tosshub.com)



# વડોદરાના ગણેશોત્સવનો ઇતિહાસ



ગણોના સ્વામી ભગવાન ગણેશ પ્રથમ પૂજનીય છે. દરેક પ્રસંગે આપણે ગણેશજીને યાદ કરીએ છીએ પણ ભાદરવા સુદ ચોથથી ચૌદસ સુધી ખાસ ગણેશ ઉત્સવના માધ્યમ થકી તેમની પુજાઅર્ચના કરીએ છીએ. ગણેશજીને આપણા ઘરે કે મહોલ્લામાં બોલાવી તેમની સ્થાપના કરીએ છીએ. ગણેશ ઉત્સવનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. ગણેશજીને વિઘ્નોનો નાશ કરનાર માનવામાં આવે છે તેનું પૌરાણિક અને આધ્યાત્મિક મહત્વ છે. આ ઉત્સવની શરૂઆત છત્રપતિ શિવાજી મહારાજે પુનામાં કરી હતી. તેમણે આ ઉત્સવ દ્વારા જનજાગૃતિ ફેલાવી હતી. આ પછી પેશ્વાઓએ પણ ગણેશોત્સવનો ક્રમ આગળ વધાર્યો. પેશ્વાઓ પછી આ તહેવાર ફક્ત મંદિરો અને રાજવી પરિવારો પૂરતો સીમિત રહ્યો. આ પછી ભાઈસાહેબ લક્ષ્મણ જાબલેએ ૧૮૯૨માં સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત કરી હતી. આઝાદીના પ્રણેતા લોકમાન્ય તિલક સાર્વજનિક ગણેશોત્સવની પરંપરાથી ખૂબ પ્રભાવિત હતા અને ૧૮૯૩માં તેને આઝાદીનો દીવો પ્રગટાવતા સામયિક કેસરીમાં દર્શાવવામાં આવ્યો હતો. તેમણે તેમના સામયિક ’કેસરી’ના કાર્યાલયમાં તેની સ્થાપના કરી અને લોકોને તેમની પૂજા-અર્ચના કરવા વિનંતી કરી, જેથી રાષ્ટ્રની આઝાદીમાં આવતા અવરોધોનો નાશ થયો. તેમણે શ્રી ગણેશજીને લોકોના ભગવાન તરીકે સંબોધ્યા. લોકોએ આ વાતને ખૂબ જ ઉત્સાહથી સ્વીકારી અને ગણેશ ઉત્સવ જન આંદોલનનું માધ્યમ બની ગયો. આ ઉત્સવને લોકો સાથે જોડીને તેમણે આઝાદી મેળવવા માટે જનચેતનાને જાગૃત કરવાનું માધ્યમ બનાવ્યું અને તેમાં તેઓ સફળ રહ્યા. આજે પણ સમગ્ર મહારાષ્ટ્ર આ તહેવારનું કેન્દ્રબિંદુ છે, પરંતુ હવે દેશના દરેક ભાગમાં પણ આ તહેવાર લોકોને એકસસૂત્રતાના તારે જોડે છે.

ગુજરાતમાં વડોદરાની સંસ્કૃતિ સયાજીરાવ ગાયકવાડના કારણે મહારાષ્ટ્ર સાથે ગાઢ રીતે જોડાયેલી છે. વડોદરામાં ગણેશોત્સવ પણ આ કારણે ગુજરાતમાં સૌથી વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. વડોદરામાં જુમ્મા દાદાએ પહેલીવાર સાર્વજનિક ગણેશ મહોત્સવ શરૂ કરાવ્યો હતો.



વડોદરાના જાણીતા પહેલવાન જુમ્મા દાદાએ દેશભક્તિની ભાવના સાથે ૧૯૦૧માં પોતાના અખાડાથી ગણેશ મહોત્સવની શરૂઆત કરી હતી. જુમ્મા દાદાએ સ્વતંત્રતા સંગ્રામ સેનાની લોકમાન્ય તિલકથી પ્રેરિત થઈને શહેરમાં સાર્વજનિક ગણેશ મહોત્સવની શરૂઆત કરી હતી. તિલક મહારાજા સયાજીરાવ ગાયકવાડ તૃતીયને મળવા માટે ઘણીવાર વડોદરા આવતા રહેતા. ૧૮૯૫માં તિલકજી વડોદરા આવ્યા અને તેમને જુમ્મા દાદાના કાર્ય વિશે જાણ થઈ અને મળવાનો નિર્ણય કર્યો. ગણેશોત્સવનો વિચાર તેમણે જુમ્મા દાદાને જણાવ્યો હતો. બે-ચાર વરસ પછી આયોજન કરીને ૧૯૦૧માં અહીં એક મુસ્લિમ વ્યાયામવીરે ગણેશજીની સ્થાપના કરી.

વડોદરામાં પ્રો. માણિકરાવ જુમ્માદાદા વ્યાયામ મંદિર આવેલ છે જેની સ્થાપના સત્તાવાર રીતે વર્ષ ૧૮૮૦માં થઈ હતી. અહીંયાના મેનેજીંગ ટ્રસ્ટી રાજેન્દ્ર એસ. હરપળે જણાવે છે કે લોકમાન્ય તિલકજીના આ રાષ્ટ્રીય એકીકરણ (નેશનલ ઈન્ટિગ્રેશન) પ્રોગ્રામમાં ગુજરાત રાજ્યના વડોદરા શહેરમાં સૌ પ્રથમ ગણેશજીની મૂર્તિની સ્થાપના જો કરવામાં આવેલ હોય તો એ પ્રો. માણિકરાવ જુમ્માદાદા વ્યાયામ મંદિરમાં થયેલ છે.

જુમ્મા દાદાએ ૧૯મી સદીના મધ્યમાં વ્યાયામ મંદિરની સ્થાપના કરી અને તેનું રજીસ્ટ્રેશન ૧૮૮૦માં કરાવ્યું હતું. તેમનો અખાડો યુવકો અને યુવતીઓ વચ્ચે ખૂબ લોકપ્રિય હતો, જેના કારણે તિલકજીએ તેમને સાર્વજનિક ગણેશ મહોત્સવની શરૂઆત કરવા સલાહ આપી હતી. આ વિચાર દ્વારા દેશવાસીઓને એકસાથે લાવીને તેમનામાં દેશભાવના જગાડી શકાય તેવો પ્રયાસ કરવાનો હેતુ હતો.

જુમ્મા દાદાએ વર્ષ ૧૯૦૧માં વ્યાયામ મંદિરમાં ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના કરી હતી. ભગવાન ગણેશની આ મૂર્તિ માટીની બનાવી હતી અને તે આજે પણ તેવી જ રીતે સુરક્ષિત છે. ગણેશ ચતુર્થી દરમિયાન અખાડામાં તલવારબાજી, પહેલવાની જેવા કાર્યક્રમોનું આયોજન થતું હતું.

ઈતિહાસકાર ચંદ્રશેખર પાટીલ કહે છે કે, શહેરના કેટલાક મંદિરો અને મંડળોમાં ગણેશ મહોત્સવ ઉજવાતો હતો. જુમ્મા દાદા દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ પહેલો સાર્વજનિક પર્વ હતો, જેમાં મોટી સંખ્યામાં લોકો એકસાથે જોડાયા. તેમનામાં દેશભક્તિની ભાવનાનો સંચાર કર્યો. આ એક બહુ મોટી વાત છે અને બિનસાંપ્રદાયિકતાનું જ્વલંત ઉદાહરણ છે. ત્યારથી આ જ પ્રકારની, એક જ આકાર, એક જ ઉંચાઈની માટીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી રહી છે. આ સંસ્થા ૧૯૦૧થી ૧૯૨૦ સુધી પહેલા દાંડિયાબજારમાં આવેલ અગ્નિશામક કેન્દ્ર, સુરસાગરની બાજુમાં સ્થિત શિરકેના વાડામાં હતી.

(Sources & Photo Courtesy : www.gstv.in, https://gujarati.abplive.com, //gujarati.news18.com, www.iamgujarat.com)

# જામનગરની ઐતિહાસિક વીર ભૂમિ ભૂચરમોરીમાં વર્લ્ડ રેકોર્ડ

## પાંચ હજાર રાજપૂત યુવાનોએ ૧૧ મિનિટ સુધી તલવારથી કરતબ કર્યા



ગુજરાતનું પાણીપત ગણાતા ધ્રોલના ભૂચરમોરીના મેદાનમાં શરણાગતના ધર્મને માટે અકબરની સેના સામે જંગે ચઢીને બલિદાનો આપનારા હજારો યોદ્ધાઓની સ્મૃતિમાં દર શિતળા સાતમે યોજાતા શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ચાલુ વર્ષે ૫૦૦૦ રાજપૂત યુવાનોએ તલવાર સાથે શૌર્યરાસ રજૂ કરીને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે.

જામનગરના ધ્રોલ પાસે આવેલા ભૂચરમોરીના મેદાનમાં આશરે ૪૦૦ વર્ષ પહેલાં લોહિયાળ જંગ ખેલાયો હતો. જામનગરના રાજવી જામસતાજી અને અકબરની સેના વચ્ચે ખેલાયેલું આ યુદ્ધ દેશના સર્વકાલિન મહાન યુદ્ધોમાં સ્થાન પામી ચૂક્યું છે. ભૂચરમોરીનું યુદ્ધ નવાનગર રજવાડાની આગેવાની હેઠળ કાઠિવાવાડની સેના અને મિર્ઝા અઝીઝ કોકાની આગેવાની હેઠળના મુઘલ સૈન્ય વચ્ચે લડાયું હતું. દિલ્હીના બાદશાહ અકબરની કેદમાંથી નાસી છુટેલો મુઝફ્ફરશાહ જામનગરના રાજવી જામસાહેબના શરણે આવ્યો હતો. રાજધર્મ અને આશરાધર્મના પાલન માટે અકબરની સેના સાથે થયેલા યુદ્ધમાં રાજપૂત સહિત અનેક જ્ઞાતિના વીર શહીદ થયા હતા, જેઓને હાલાર પંથકના રાજપૂત સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.



આ રણસંગ્રામમાં જામનગરના કુંવર અજાજીએ તેમના પ્રાણની આહુતિ આપી હતી. મુઘલોનાં માથાં વાઢતાં-વાઢતાં કુંવર શહીદ થયા. કુંવર અજાજી શહીદ થતાં તેમના રાણી યુદ્ધમેદાનમાં પહોંચ્યા અને કુંવરનું માથું ખોળામાં રાખીને સતી થયા એ દિવસ હતો વિક્રમ સંવત ૧૬૪૮ની શ્રાવણ વદ - સાતમનો. ઇતિહાસના પાને અમરત્વ પામનારા મહાન યુદ્ધનો એ દિવસે અંત આવ્યો. દર વર્ષે આ દિવસે રાજપૂત સમાજ દ્વારા ભૂચરમોરી મેદાનમાં મહાન શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. છેલ્લા ત્રણ દસકાથી ભૂચરમોરી શહીદ સ્મારક સમિતિ અને અખિલ ગુજરાત રાજપૂત સંઘ દ્વારા વિશેષ ઉજવણી કરવામાં આવે છે. શીતળા સાતમ - ૧૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ ભૂચરમોરી ખાતે ૩૧મા ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહમાં પાંચ હજાર રાજપૂત યુવાઓએ ૧૧ મિનિટ સુધી તલવારબાજી કરીને આ વિક્રમ નોંધાવ્યો હતો. આ પ્રસંગે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના મેનેજિંગ ટ્રસ્ટી ડો. જયેન્દ્રસિંહ જાડેજાને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડની નિરીક્ષણ ટીમના પ્રતિનિધિ દ્વારા સર્ટિફિકેટ એનાયત કરાયું હતું. આ સમારોહમાં ઉપસ્થિત કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે ધરતીની માટી પર શહીદોનું લોહી રેડાતાં ચંદન બની છે. બાળક જન્મ લે ત્યારથી માતા એને પારણાં ઝુલાવતી વખતે શૌર્યગાથાઓ સંભળાવે છે અને અભિમન્યુ જેવા વીર યોદ્ધાઓએ તો માતાના ગર્ભમાં જ ધર્મનું રક્ષણ કરવાની સમજ કેળવી છે.

(Sources : www.gujarat-samachar.com, www.divyabhaskar.co.in)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## આઝાદીના અમૃત મહોત્સવ પર્વની લંડનમાં ઉજવણી



હેય્સના નવનાત સેન્ટર ખાતે ૨૧ ઓગસ્ટ, રવિવારના રોજ ભારતીય હાઇ કમિશન અને સમુદાય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનું આયોજન કરાયું હતું. બ્રિટનમાં ભારતના કાર્યકારી હાઇ કમિશનર સુજિત ઘોષ દ્વારા તિરંગો ફરકાવાયો ત્યારે દેશભક્તિનો જુવાળ ચરમસીમા પર પહોંચ્યો હતો. રાષ્ટ્રગીતના ગાયન બાદ સમગ્ર સેન્ટર ભારત માતા કી જય અને વંદે માતરમના નારાથી ગુંજી ઉઠ્યું હતું. જાણે કે નવનાત સેન્ટરમાં મીની ઇન્ડિયા ઉભરી આવ્યું હતું. ઉજવણીમાં ભારતના વિવિધ પ્રદેશોના નૃત્યો, ખો-ખો સહિતની રમતો યોજાઇ હતી. (Source: www.gujarat-samachar.com)

## અમેરિકામાં 'ઇન્ડિયા ડે'ની ભવ્ય ઉજવણી કરાઇ



ઇન્ડિયન એસોસિએશન ઓફ સેક્રીમેન્ટો, કેલીફોર્નીયા, અમેરિકા દર વર્ષે ભારતના સ્વતંત્રતા દિવસને ઇન્ડિયા ડે તરીકે ઉજવે છે. આ વર્ષે સ્વતંત્રતાના અમૃત મહોત્સવ નિમિત્તે સેક્રીમેન્ટો યુનિવર્સિટીના હોલમાં ૨૦૦૦ થી ૩૦૦૦ વ્યક્તિઓની હાજરીમાં મોટા પાયે ઉજવણી કરાઇ હતી. આ ઉત્સવ ત્યાં રહેતા ભારતીયો માટે સૌથી મોટો ઉત્સવ હોય છે. આ દિવસે ભારતના દરેક રાજ્યના લોકો પોતાની કળા, સંસ્કૃતિ તથા લોકગીતના પ્રદર્શન કરતા હોય છે. સાથે સાથે વિવિધ પ્રકારની હરિફાઈઓ જેવી કે ચેસ, કેરમ, જનરલ નોલેજ ક્વિઝ, રંગોળી, કુકિંગ સ્પર્ધા વગેરેનું પણ આયોજન થતું હોય છે. (Source : https://sandesh.com)

## શિકાગોમાં ભારતીય સમુદાયે ઉજવ્યો સ્વતંત્રતા દિવસ



અમેરિકાના શિકાગોમાં ભારતીય સમુદાયે સ્વતંત્રતા દિવસની ઉમંગભેર ઉજવણી કરી હતી. ફેડરેશન ઓફ ઇન્ડિયન એસોસિએશન (એફઆઇએ) દ્વારા શહેરના ડેવોન એવેન્યુ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી માટે શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજાયા હતા. શિકાગોના ૮૬ વર્ષીય રહેવાસી મોહનકાકા અને મીસ ઇન્ડિયા વર્લ્ડ વાઇડ ૨૦૨૨, ખુશી પટેલે કાર્યક્રમના ભાગરૂપે આયોજીત તિરંગા પરેડનું નેતૃત્વ કર્યું હતું. આ પ્રસંગે ધ્વજ વંદન કરવાની સાથે રાષ્ટ્રગીતનું ગાયન પણ કરવામાં આવ્યું હતું.
(Source : www.gujarat-samachar.com)

## ઓસ્ટ્રેલિયામાં ગરબા દ્વારા આઝાદી મહોત્સવની ઉજવણી



ઓસ્ટ્રેલિયામાં દર વખતે પ્રિ-નવરાત્રીનું આયોજન થાય છે. જે આ વખતે પણ કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ ગુજરાતીઝ ઓફ ઓસ્ટ્રેલિયન ઈન કોર્પોરેશન ગૃપ દ્વારા ૧૩મી ઓગસ્ટે ઓપન એર ગરબાનું આયોજન થયું હતું. જેમાં સાત હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. ગાયક કલાકાર તરીકે ગુજરાતના જાણીતા ગાયક પ્રફૂલ્લ દવેની દીકરી ઈશાની દવે અને દીકરા હાર્દિક દવેએ સુર રેલાવીને લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. ઓસ્ટ્રેલિયામાં તિરંગો લહેરાવવામાં આવ્યો હતો અને લોકોએ ભારતના રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. (Source : www.divyabhaskar.co.in)

## કેનેડાના એડમેન્ટનમાં ગરવી ગુજરાત એસોસિયેશન દ્વારા ભારતના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ



કેનેડાના એડમેન્ટન શહેરમાં ગરવી ગુજરાત એસોસિયેશન દ્વારા ૧૩મી ઓગષ્ટના રોજ અમૃત મહોત્સવ સાથે મોટી સ્પોર્ટ્સ ઇવેન્ટ રાખીને એક અલગ ઉજવણી કરવામાં આવી. દોડ, લંગડી, દોરડા-ખેંચ, લીંબુ-ચમચી, ગોળા-ફેંક, ભાલા-ફેંક, લાંબી-કૂદ વગરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું અને તમામ લોકોએ રમતોત્સવનો આનંદ લઈને ભારતના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી હતી. તિરંગાનાં ધ્વજવંદન સાથે રાષ્ટ્રગીતનાં કાર્યક્રમમાં દેશપ્રેમ જાણે લહેરાતો હતો. દેશભક્તિનાં ગીતો સાથે મેદાન જાણે દેશભક્તિનાં અમૃત મહોત્સવમાં રંગાયેલું જોવા મળતું હતું, રમતો, ગરબા અને ખાણીપીણીની વ્યવસ્થા સાથેનું આ એક યાદગાર આયોજન હતું. (Source : www.divyabhaskar.co.in)

## લોસ એન્જલસ ખાતે આઝાદી મહોત્સવની ઉજવણી



અમેરિકાના લોસ એન્જલસ ખાતે એક હજાર કરતા વધારે ગુજરાતી અને દેશના વિવિધ પ્રાંતના એનઆરઆઈની હાજરીમાં આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગુજરાતીઓ બહોળા પ્રમાણમાં જોડાયાં હતાં. આ પ્રસંગે ભારતીય વ્યવસાયીકોનો પરિચય આપતી અને સિદ્ધિ ગાથા કરતી પુસ્તિકાનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતી વ્યવસાયિકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં ભારતીય ઉદ્યોગપતિ યોગી પટેલ, પરિમલ શાહે જહેમત ઉઠાવી હતી. (Source : https://sandesh.com)